Volume 1, Issue 4
November
2024

# HARIRAJ CHARITABLE TRUST

## NEWS AND UPDATES

૨૬ – સોમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

માર્ક પ્રોગ્રામની બ્રાંડ વિઝીટ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ પીપળીયા ગામે યોજાઈ. જેમાં માર્કમાંથી શ્રીમાન લેઈન, કોટન કનેક્ટમાંથી કિન્નર લાખાણી, જગદીશ પોરીછા, નિધિ ગુપ્તા અને અભિજિત ભોંસલે, અક્ષર ફાઈબરમાંથી અલ્પેશભાઈ અને સંસ્થામાંથી ધીરુભાઈ, રમેશભાઈ અને નરેન્દ્રભાઈ હજાર રહ્યા હતા. પીપળીયા ગામના ૫૦ પ્રગતિશીલ ખેડૂતો પણ આ મુલાકાતમાં જોડાયા હતા.
















Volume 1, Issue 4
November 2024

**કાર્ય વિસ્તારના ખેડૂતોને કૃષિ લક્ષી માહિતી મળી રહે તે માટે તા.૧૮મી નવેમ્બર, ૨૦૨૪ ના રોજ કેવીકે દેડીયાપાડા ખાતે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 34 ખેડૂતો અને 3 કાર્યકર મિત્રોએ ભાગ લીધો હતો. અહી ખેડૂતોએ ગોબર ગેસ, અજોલા, ટ્રેપ વિભાગ, બકરી સંવર્ધન, કંપોસ્ટ ખાતર, ખેતીમાં વાપરતા ઓજાર અને કપાસમાં આવતી જીવાતોની જાણકારી મેળવી હતી.**






**કપાસની સપ્લાય ચેનમાં સુધારો કરવાના ભાગરૂપે વડીયા ગામે ખેડૂતોને બારકોડ સ્ટીકરનું વિતરણ કરવામાં આવ્યું.**



કોટન કનેક્ટ હેડ ટીમના નિધી ગુપ્તા અને અન્ય સભ્યોએ તા. ૧૧ નવેમ્બરના રોજ કાર્ય વિસ્તારના બુજેઠા અને પીપળીયા ગામની મુલાકાત લીધી. તેમજ અક્ષય ગોરે દ્વારા બુજેઠા ગામના ખેડૂત વનરાજસિંહના ખેતરનું GIS મેપીગ કરી મિટિંગ કરવામાં આવી.



નવેમ્બર મહિના દરમિયાન કુલ બે લેખન સત્રો યોજાયા, જેમાં તા. ૧૨ નવેમ્બરના રોજ “બાયો ઈનપુટ સેન્ટર નાના વિસાવદર”, “માસિક સમીક્ષા અને આયોજન બેઠક-ઉના”,“લીડર ખેડૂતોની એફપીઓ અંગે તાલીમ, સફળ વાર્તા અને લેમ્પ કાર્યક્રમના ભચાઉ ના અહેવાલો પર ચર્ચા થઈ. તા. ૨૬ નવેમ્બરના સત્રમાં “જૈવ વિવિધતા”, “બાયો ઈનપુટ સેન્ટરની મુલાકાત”, “બાયોચાર”, “મંથલી રીવ્યુ અને પ્લાનિંગ મીટીંગ” જેવા રિપોર્ટને વધારે સારા બનાવવાવા માટે Chat GPT નો ઉપયોગ કઈ રીતે કરવો તેનો ડેમો આપવામાં આવ્યો.



## વાંચન સત્રના કુલ ત્રણ સત્ર તા. ૮ નવેમ્બર, ૧૫ નવેમ્બર અને ૨૨ નવેમ્બર ના રોજ યોજાયા.







**લર્નિંગ આસીસ્ટંટસ કાર્યક્રમમાં દિવાળી પછી વિદ્યાર્થીઓને આવકારી મનોરંજક અને આકર્ષક પ્રવૃત્તિઓ સાથે, ગણિત, વાંચન અને લેખનમાં આવશ્યક કૌશલ્યો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.**





**દિવાળી વેકેશન પછી અગાઉના તાલીમ વર્ગોનું ઝડપી રીકેપ કરી જેન્ડર તાલીમ વર્ગના ૧૧ નંબરના મોડ્યુલની શરૂઆત કરવામાં આવી.**



**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

2024 TOP-RATED GREATNONPROFITS NONPROFIT

GuideStarIndia — Commitment to Transparency Verified, Valid till Dec 2023. Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org